..ASY INT

4263

THE GEOGF

4263 For

ANGLO-VERN

T. J. L

First Editi

L

Printed l

at the

AN

EASY INTRODUCTION

TO

THE GEOGRAPHY OF ASIA.

For the use

of

ANGLO-VERNACULAR SCHOOLS.

BY

T. J. LAKHANI.

First Edition 1,000 Copies

Karachi,

ARYAN PRINTING PRESS.

1893.

PRICE 3 ANNAS.

ભૂગોળ વિદ્યા.

પૃથ્વીની રચનાના વર્ણનને જીઑગ્રાફી કહેછે.

જીઑગ્રાફી ભણવાથી થતા ફાયદા.

આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે ઠેકાણે એકજધારી રચના કીધી નથી, પણ જૂદા જૂદા દેશમાં જૂદી જૂદી જાતનાં માણસ, જૂદી જૂદી જાતનાં પ્રાણી અને જૂદી જૂદી જાતની વનસ્પતિ કરેલી છે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડેછે. બીજું આ પૃથ્વી ઉપર કેટલા દેશ છે, તેઓ કયી કયી દિશામાં આવેલા છે, ત્યાંના લોક સુધરેલા છે કે જંગલી, તેઓ કયો ધર્મ પાળેછે, ત્યાંની હવા કેવી છે, ત્યાં કયી કયી વસ્તુનો વધારે પાક થાય છે ને ત્યાં શું શું જોવાનું છે તે બધું આપણે જાણીએછીએ માટે ઘરમાં બેઠા બેઠા આખી પૃથ્વીની મુસાફરી કરવાનું મુખ્ય સાધન (જીઑગ્રાફી) ભૂગોળ વિદ્યા છે.

પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે તેનાં પ્રમાણો.

૧ જ્યારે દરિયામાં કિનારા આગળથી, વાહાણ ચાલવા માંડે છે ત્યારે પ્રથમ તો તેનું તળીઉં, પછી સઢ ને છેલ્લી વારે કૂવાની ટોચ દેખાતી બંધ થાયછે, તેમજ મોટા મેદાનમાં સામેથી કોઈ માણસ આવતું હોય, તો પ્રથમ તેની પાઘડી, પછી તેનું મોં, પછી પેટ ને છેલ્લી વારે પગ દેખાયછે. આ ઉપરથી સાફ માલમ પડેછે કે પૃથ્વી સપાટ નથી જો સપાટ હોત તો દૂરથી આવનાર માણસનું માથું ને પગ એકજ વખતે દેખાત.

૨ ચંદ્રગ્રહણની વખતે પૃથ્વીની છાયા ચંદ્રપર ગોળાકાર પડેછે.

પૃથ્વીની સપાટી.

પાણી અને જમીન મળીને પૃથ્વીની સપાટી બની છે. જો આખી પૃથ્વીના ચાર ભાગ કરીએ તો તેમાંના ત્રણ ભાગ પાણી ને બાકીની જમીન છે.

પૃથ્વીના મુખ્ય ભાગો.

પૃથ્વીના બે મુખ્ય ભાગ છે; પૂર્વ ગોળાર્ધ ને પશ્ચિમ ગોળાર્ધ. એ બંને ગોળાર્ધમાં પાંચ ખંડ છે. પૂર્વ ગોળાર્ધ (જૂની દુનિઆ) માં એશિઆ, યુરોપ ને આફ્રિકા છે; પશ્ચિમ ગોળાર્ધ (જૂની દુનિઆ) માં અમેરિકા છે.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

A Continent ખંડ. જમીનના જે ભાગમાં ઘણા દેશો આવેલા હોય તેને કોન્ટીનેન્ટ કહેછે.

An Island–બેટ. જમીનનો ભાગ ચારે બાજુએ પાણીથી વિંટાયેલો હોય તેને આયલન્ડ કહેછે.

A Peninsula–દ્વીપકલ્પ. જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી વિંટાયેલો હોય તેને પેનીનસુલા કહેછે.

An Isthmus–સંયોગીભૂમિ. બે મોટા જમીનના ભાગને જોડનારા સાંકડા જમીનના ભાગને ઈસ્મસ કહેછે.

A Cape–ભૂશીર. જે જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને કેપ કહેછે.

A Mountain–પર્વત. ઘણા ઊંચા ને ઘણા લાંબા ટેકરા હોય તેને માઊંટન કહેછે.

A Valcano—જ્વાળામુખી. જે પર્વતના મથાળામાંથી ધુમાડો, રાખ, ઉનો રસ વગેરે પ્રવાહી પદાર્થ નીકળેછે તેને વાલકેનો કહેછે.

A Plain—મેદાન. સપાટ જમીનના ભાગને પ્લેન કહેછે.

A Table-land—ઉચ્ચપ્રદેશ. પહાડો ઉપર આવેલા પ્રદેશને ટેબલલેન્ડ કહેછે.

A Valley—ખીણ. ડુંગરો કે પર્વતની વચ્ચેના નીચા પ્રદેશને વેલી કહેછે.

A Desert, Run—રણ. જે જમીનનો ભાગ ઘણા ગાઉ સુધી સપાટ રેતાળ હોય અને ઝાડ પાન કે પાણી જેમાં જવલ્લે મળે તેને ડેઝર્ટ કહેછે.

A Coast—કિનારો. દરિયાની પાસે આવેલી જમીનને કોસ્ટ કહેછે.

પાણીના મુખ્ય ભાગો.

પાણીના મુખ્ય પાંચ ભાગ થયેલા છે જેમાંના દરેકને ઓશન (મહાસાગર) કહેછે. પેસીફિક, એટલાંટિક, ઇંડિઅન, આરટીક ને એનટારટિક ઓશન છે.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

An Ocean—મહાસાગર. ખારા પાણીના સૌથી મોટા સમુદાય ને ઓશન કહેછે.

A Sea—સમુદ્ર. મહાસાગર કરતાં નાના ખારા પાણીના સમુદાય ને સી કહેછે.

A Gulf–અખાત. જમીન ઉપર લાંબા ગયેલા સમુદ્રના ફાંટાને ગલ્ફ કહેછે.

A Lake–સરોવર. ચારે બાજુએ જમીનથી વિંટાયલા પાણી ના ભાગને લેક કહેછે.

A Strait–સામુદ્રધુની. પાણીના બે મોટા ભાગને સાંધનારા સાંકડા પાણીના ભાગને સ્ટ્રેટ કહેછે.

A River–નદી. પર્વતમાંથી કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ નીકળી ઢળતી જગ્યાગાં થઈ સમુદ્ર કે સરોવરને મળે કે રણ માં સમાય તેને રીવર કહેછે.

The Source–મૂળ. જે જગ્યાએથી નદી નીકળેછે તે જગ્યા ને તેનું સોર્સ કહેછે.

The Mouth–મૂખ. જે જગ્યાએ નદી સમુદ્રને મળેછે ત્યાં તેનું માઉથ કહેવાયછે.

દિશાઓ.

જે દિશામાં સૂર્ય ઊગેછે તેને (E ઇસ્ટ) પૂર્વ દિશા કહેછે, ને સાંજે જે દિશામાં સૂર્ય આથમેછે તેને (W ઉવેસ્ટ) પશ્ચિમ દિશા કહેછે. પૂર્વ દિશા ભણી મોં કરી ઊભા રહીએ તો ડાબા હાથ તરફની (N નાર્થ) ઉત્તર દિશા, ને જમણા હાથ તરફ (S સાઉથ) દક્ષિણ દિશા છે.

ખુણા અથવા કોણ.

પૂર્વ અને દક્ષિણની વચ્ચેનો ખુણો તે અગ્નિ કોણ, (સાઉથ ઈસ્ટ S. E.) દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખુણો તે નૈરુત્ય, (સાઉથ ઉવેસ્ટ S. W.) ઉત્તર અને પશ્ચિમ વચ્ચેનો ખુણો તે વાયવ્ય કોણ

(નૉર્થ ઉવેસ્ટ N. W.) ને ઉત્તર ને પૂર્વ વચ્ચેનો ખુણો તે ઈશાન (નાર્થ ઈસ્ટ N. E.) કહેછે.

નકશામાં દિશા જાણવાની રીત.

A Map. સપાટ વસ્તુ ઉપર આખી પૃથ્વીનો કે તેના કોઈ ભાગનો આકાર પાડેલો હોય તેને મેપ કહેછે.

નકશાની સામે મોં કરી ઊભા રહીએ તો માથા ભણી ઉત્તર, પગ ભણી દક્ષિણ, જમણા હાથ ભણી પૂર્વ ને ડાબા હાથ ભણી પશ્ચિમ દિશા જાણવી.

ASIA એશિઆ.

Boundaries (બાંઉનડ્રીઝ)–સીમા. N. આરટિકઓશન S. ઇંડિઅનઓશન, E. પેસીફિકઓશન, W. રેડ સી, મેડીટરેનીઅન સી, બ્લેક સી ને યુરોપ.

Area–ક્ષેત્રફળ એશિઆ ખંડનું ક્ષેત્રફળ આશરે 16 મિલીઅન્સ ચોરસ માઈલ્સ છે.

એશિઆના મુખ્ય દેશો.

N. એશિયાટિક રશિઆ.

N. E. ચાઈના ને જપાન.

S. એનમ, સિઆમ, બરમા ને ઇંડિઆ.

W. અરેબિઆ ને ટર્કિ.

C. પરશિઆ, અફ્ઘાનીસ્તાન, બલુચિસ્તાન ને તુર્કસ્તાન.

Country.	Capital.	River &c.	Religion.	Government.	Climate.
દેશ.	રાજધાની.	નદી વગેરે.	ધર્મ	સરકાર.	હવા.
એશિઆટીક ટર્કિ.	સ્મરના.	ઈજીઅનસી.	મુસલમાની.	સુલતાન.	સમશીતોષ્ણ અને આનંદકારી.
અરેબિઆ.	મસ્કત.	ગલ્ફ્ ઓફ્ ઓમન.	,,	સૈયદસુલતાન.	ઘણીજ ગરમ.
પરશિઆ.	ટેહેરાન.	સાઉથ ઓફ્ Mt. એલબર્ઝ.	,,	શાહ.	ઊ. ગરમી શી. ઠંડી.
અફ્ઘાનીસ્તાન.	કાબુલ.	કાબુલ.	,,	અમીર.	ઊ. ઘણી ગરમી શી. ઘણી ઠંડી.
બલુચીસ્તાન.	કેલાત.	ગંડાવા.	,,	ખાન.	,,
ઇંડિઆ (હિંદુસ્તાન.)	કલકત્તા.	હુગલી.	હિં. મુ. ખ્રિ.	બ્રિટીશ.	શીયાળો, ઉનાળો, ચોમાસુ.
ફુરધર ઇંડિઆ.	મેંડેલે.	ઈરાવદી.	બુદ્ધ ધર્મ	,,	ગરમ ને ભેજવાળી.
ચાઈનીઝ એમપાયર.	પેકીન.	પીહો.	,,	શેહેનશાહ.	ઊ. ગરમી, શી. ઠંડી.
વેસ્ટર્ન તુર્કસ્તાન	બોખારા.	ઝેરફ્શાન	મુસલમાની.	ખાન.	,,
સૈબિરીઆ.	ટોબોલસ્ક.	ઈરટીશ.	ખ્રીસ્તી.	ઝાર.	ઘણી ઠંડી.
જપાન.	યડો(ટોકીઓ)	ફોરસ્ટઓફ્નીપાન	બુદ્ધ ધર્મ.	મીકાડો.	... ...

Peninsulas—એશિઆમાઈનર, બ્લેક સી ને લીવેંટની વચ્ચે.

અરેબિઆ, રેડ સી ને પરશિઅન ગલ્ફની વચ્ચે.

હીંદુસ્તાન, અરેબિઅન સી ને બે આફ બેંગાલની વચ્ચે.

ફરધર ઇંડિઆ અથવા ઇંડો ચાઇનીઝ પેનીનસુલા, બે આફ બેંગાલ ને ચાઈના સીની વચ્ચે.

કોરીઆ, યલો સી ને સી આફ જાપાનની વચ્ચે.

કેમચાટકા, સૈબીરીઆની ઈસ્ટમાં છે.

Capes—Nમાં સેવેરો or નાર્થ ઈસ્ટ કેપ, સૈબીરીઆમાં છે.

Eમાં ઈસ્ટ કેપ, બેહેરીંગ સ્ટ્રેટ પાસે છે.

Sમાં રોમેનીઆ, મલાયામાં છે.

Wમાં બાબા, એશિઆમાઇનરમાં છે.

કામોરીન, ઇંડિઆની Sમાં છે.

નીગ્રેઝ, પેગુની S.Wમાં છે

કેમ્બોડીઆ, એનમની Sમાં છે.

લોપાટકા, કેમચાટકાની Sમાં છે.

રાસલહદ, અરેબીઆની SEમાં છે.

Islands—ઈસ્ટમાં સગેલીઅન ને જપાન આયલન્ડસ, ચાઈના ને કિનારે ફૉરમોસા ને હેનન. હિંદુસ્તાનની સાઉથમાં સીલોન. મેડીટરેનીઅનસીમાં સાઈપ્રસ. ન્યુસૈબિરિઆ આરટીકઓશનમાં છે. એલ્યુશન આયલન્ડસ કેમચાટકા ને અમેરિકાની વચ્ચે છે. કયુરાઈલ આયલન્ડસ નાર્થ ઑફ જપાન. એન્ડામાન ને નીકોબાર બે ઑફ બેંગાલમાં છે લકદીવ્ઝ ને માલદીવ્ઝ સાઉથ ઉવેસ્ટ ઑફ ઈંડીઆ. ફીલીપાઈન, બોર્નીઓ, સેલીબીઝ, લુચુ, આયલન્ડસ વગેરે મેટા

પેસીફિક ઓશનમાં છે.

* Seas—NW નાર્થ ઉવેસ્ટમાં–બ્લેક સી, સી ઑફ માર-મોરા, એન્ડ મેડીટરેનીઅન સી.

S. સાઉથમાં રેડ સી, અરેબીઅન સી, પરશીઅન ગલ્ફ એન્ડ બે ઑફ બેંગાલ.

E. ઈસ્ટમાં–ચાઈના સી, યલો સી, સી ઑફ જપાન, સી ઑફ ઓકોટસ્ક, સી ઑફ કેમચાટકા અથવા બેહેરીંગ સી.

Gulfs.—ગલ્ફ ઑફ એડન અરેબિઆ ને આફ્રિકાની વચ્ચે છે.

પરશીઅન ગલ્ફ એન્ડ ગલ્ફ ઑફ ઓમન અરેબિઆ ને પર-શીઆની વચ્ચે છે.

ગલ્ફ ઑફ કચ્છ ને કેમ્બે ઉવેસ્ટ ઑફ ઇંડિઆ.

ગલ્ફ ઑફ મનાર ઇંડિઆ ને સીલોનની વચ્ચે છે.

ગલ્ફ આફ માર્ટાબાન સાઉથ ઑફ બરમા.

ગલ્ફ ઑફ સિઆમ સાઉથ ઑફ સિઆમ.

ગલ્ફ ઑફ ઓબી ઓબીના મુખ આગળ છે.

Straits—સ્ટ્રેટસ આફ બેબલમેંડબ અરેબિઆ ને આફ્રિકાની વચ્ચે છે.

સ્ટ્રેટ ઓફ ઓર્મઝ ઈસ્ટ ઓફ અરેબિઆ.

પાકસ્ટ્રેટ ઇંડિઆ ને સીલોનની વચ્ચે છે.

સ્ટ્રેટ ઑફ મલાક્કા મલાકા ને સુમાત્રાની વચ્ચે છે.

સ્ટ્રેટ ઑફ કોરીઆ યલો સી ને સી ઓફ જપાનની વચ્ચે છે.

---

* વિદ્યાર્થીએ રીવર, સી, ગલ્ફ માઉંટેન્સ ને સ્ટ્રેટ બોલવાની અગાઉ "ધી" આરટીકલ બોલવો જોઈએ.

બહેરીંગ સ્ટ્રેટ એશિઆ ને અમેરિકાની વચ્ચે છે.

Mountains હિમાલય (હિમ = બરફ + આલય = જગ્યા.) ઇંડિઆ ને ટીબેટની વચ્ચે છે.

માંઉટ એવરેસ્ટ અથવા ગૌરીશંકર (પ૧/૨ માઈલ્સ ઊંચો છે)

કુનચીનચંગા, ધવલાગીરી વગેરે હિમાલયનાં શીખરો છે.

આલટાઈ (સુવર્ણ) સાઉથ ઓફ સૈબિરિઆ.

કોકેઝસ કેસ્પીઅન સી ને બ્લેક સી ની વચ્ચે છે.

યુરલ માંઉટન્સ એશિઆ ને યુરોપની વચ્ચે છે.

થાંએનશન ઈસ્ટર્ન તુર્કસ્તાનમાં છે.

યાબ્લોનાઈ ને સ્ટાનોવાય ઈસ્ટર્ન સૈબિરિઆમાં છે.

ટારસ એશિયાટીક ટર્કીમાં છે. એલબર્ઝરેંજ પરશિઆમાં છે.

કારાકોરમરેંજ નાર્થ ઓફ કાસ્મીર.

કુયુનલુન નાર્થ ઓફ ટિબેટ.

પેશીંગ, યનલીંગ ને નેનલીંગ ચાઈનામાં છે.

ઈનશાન ને ખીંગાન સાઉથ ઈસ્ટ ઓફ ડેઝર્ટ ઓફ શામો.

હિંદુકુશ અફ્ગાનીસ્તાનને હિંદુસ્તાનથી જુદો પાડે છે.

પેરોપામીઝાન તુર્કસ્તાન ને પરશિઆની વચ્ચે છે.

લેબનન સિરીઆના કીનારાપર છે.

જેબલશીબાક ને જેબલઅખધર અરેબિઆમાં છે.

હાલા હિંદુસ્તાનને બલુચિસ્તાનથી છુટો પાડે છે.

Table Lands. ઉચ્ચ પ્રદેશ.

ટીબેટ ને પામીરસ્ટેપ આની ઊંચાઈ યુરોપના સૌથી ઊંચા પર્વત જેટલી છે.

અફગાનીસ્તાનની ઊંચાઈ એક માઈલ છે.

મંગોલીઆ ને પરશિઆની ઊંચાઈ પોણો માઈલ છે.

ધ ડેકન, અરેબિઆ ને એશિઆમાઈનર થોડા ઉંચા છે.

કેસ્પીઅન સી માહાસાગરની સપાટીથી 80 ફીટ નીચે છે.

Rivers. ઉત્તરમાં પડનારી નદીઓ.

ઈરટીશ ને ઓબી. ⎫ સૈબિરિઆમાંથી નીકળી આરટીકઓશન
યેનીસ ને લેના. ⎭ માં પડે છે.

પૂર્વમાં પડનારી નદીઓ.

અમુર, યંગટીસકીઆંગ, હોએંગહો.–ચાઈનામાં–પેસીફિક ઓશનમાં પડેછે.

દક્ષિણમાં.

મીકાંગ અથવા કેમ્બોડીઆ,-ફરધર ઈંડિઆ-ચાઈનાસીમાં પડેછે.

ઈરાવદી,–બરમા–બ્રહ્મપુત્રા ને ગેંજીસ–ઈંડિઆ-બે ઓફ બેંગાલ માં પડેછે.

ઈંડસ–ઈંડિઆ–અરેબિઅન સીમાં પડેછે.

યુફ્રેટીઝ ને ટૈગ્રીસ–એશિઆટીક ટર્કી–પરશિઅન ગલ્ફમાં પડેછે.

અંદરની નદીઓ.

સરડેરીઆ ને અમુડેરીઆ તુર્કસ્તાન સી ઓફ એરલમાં પડેછે.

Lakes—કેસ્પીઅનસી પરશિઆની નાર્થમાં છે.

સી ઓફ એરલ કેસ્પીઅનસીની ઈસ્ટમાં છે

બાલકશ ને બૈકલ સૈબિરિઆની સાઉથમાં છે.

ઈસીકલ બાલકશની સાઉથમાં છે. ઉરમીઆ પરશિઆમાં છે.

વાન, ટઝગોલ ને ડેડ સી* એસિઆટીક ટર્કીમાં છે.

સૈસ્તાન અથવા ઝુરા અફ્ઘાનીસ્તાનમાં છે.

લાબનાર ને કેરકોનાર ઈસ્ટર્ન તુર્કસ્તાનમાં છે.

ટેન્ગ્રીનાર ટીબેટમાં છે.

Climate કલાઈમેટ (હવા) એશિઆના દક્ષિણ ભાગો ગરમ છે. મધ્ય ભાગો ઉનાળામાં ગરમ ને શિઆળામાં ઠંડા છે, ને ઉત્તર ભાગો તમામ ઠંડા છે.

Minerals મીનરલ્સ (ખનીજ પદાર્થ) એશિઆમાં કીમતી ધાતુ ને રત્નો પુષ્કળ નીકળેછે. સોનું ને રૂપું સૈબિરિઆમાંથી નીકળે છે. પારો ચીનમાંથી નીકળેછે. કલઈ ઈંડોચાઈનીઝ પેનીનસુલામાંથી નીકળેછે. લોહું, તાંબુ, સીસું, કોયલા ને મીઠું ઘણા ભાગોમાંથી નીકળેછે. સૌથી સરસ હીરા હિંદુસ્તાનમાંથી મળ્યા છે. લાલ બરમા ને સીલોનમાંથી નીકળેછે.

Vegetables વનસ્પતિ—ચોખા ને બાજરો દક્ષિણના દેશોમાં ઘણો વવાયછે. ઘઊં ને જવ ઉત્તરમાં ઉગેછે. એશિઆના દક્ષિણ ભાગો મસાલા સારૂ પ્રખ્યાત છે. ચાહ ઈંડિઆ, ચાઈના, જપાન ને સીલોનમાં ઉગેછે. કાફી સીલોન, ઈંડિઆ ને અરેબિઆમાં ઉગેછે. કપાસ ને ગળી હિંદુસ્તાનમાં ઉગેછે. ખજુર ને શેરડી ગરમ દેશોમાં ઉગેછે.

Animals પ્રાણી—એશિઆમાં ઘણી જાતનાં પ્રાણી ને પક્ષી થાયછે. હાથી, ગેંડા, સિંહ, વાઘ ને સુંદર પક્ષીઓ ઘણા દેશોમાં

---

* ડેડ સી—મૃત્યુ સરોવર માટે એમ કહેવાયછે કે, ૫૦૦ વરસ પછી તેનું પાણી તદન સુકાઈને તેનું મીઠું થઈ જશે.

મળેછે. હાથી ને ગેંડા ઇંડિઆ ને ફરધર ઇંડિઆમાં મળેછે. અરેબિઆ ને પરશિઆના ઘોડા ઘણા વખણાયછે. ઊંટ ટર્કી, ઇંડિઆ ને સાઉથ વેસ્ટ ઇંડિઆમાં મળેછે. સિંહ પશ્ચિમમાં મળેછે. વાઘ સાઉથમાં મળેછે. રેશમી કીડા ચીન ને બીજા દેશોમાં ઘણા ઉછેરાયછે.

* Religions **ધર્મ**–હિંદુસ્તાનના ઘણાખરા માણસો હિંદુ ધર્મ પાળેછે. તેઓના ૩૩ કરોડ દેવતા છે, જેમાંથી વીષ્ણુ, કાળી, શિવ ને માતાના ઉપાસકો ઘણા છે.

બુદ્ધ ધર્મ–બુદ્ધ ધર્મીઓ અનંત પરમેશ્વરનો ઈનકાર કરેછે, તેઓ એક માણસને માને છે જેને તેઓ સર્વજ્ઞાની સમજેછે. આ ધર્મ ઇંડોચાઈનીઝપેનીનસુલા, ચાઈના જપાન ને સીલોનમાં ચાલેછે.

મુસલમાની ધર્મ–મુસલમાનો કહેછે કે અલ્લાહ સિવાય બીજો કોઈ ઈશ્વર નથી ને મહમદ તેનો પેગંબર છે. આ ધર્મમાં મૂર્તિ પૂજવાની સખ્ત મનાઈ છે. મુસલમાનો ઘણું ખેરાત કરેછે, દિવસમાં પાંચ વખત નીમાજ પઢેછે. આ ધર્મ વેસ્ટર્ન એશિઆમાં ચાલેછે.

ખ્રીસ્તી ધર્મ–આ ધર્મને માનનારા ટર્કીમાં ઘણા છે, ને તે દુનિઆના ઘણા ભાગમાં ફેલાતો જાયછે.

People. એશિઆ ખંડની વસ્તી 767 મીલીઅન્સ છે. ચાઈના, ઇંડિઆ ને જપાનમાં ઘાટી વસ્તી છે. પશ્ચિમ એશિઆ ને હિંદુસ્તાનના માણસો કાકેસીઅન જાતનાં છે. મલાયા ને તેની આસપાસના બેટોના માણસો મલાયન જાતના છે. ચીનાઓ મધ્ય ને ઉત્તર એશિઆના રહેવાસીઓ મંગોલીઅન જાતના છે.

ASIATIC TURKEY.

Boundaries N. બ્લેક સી ને એશેઆટીક રશિઆ, E. પરશિઆ. W. મેડિટરેનીઅનસી S. અરેબિઆ ને મેડીટરેનીઅનસી.

Divisions ભાગો—એશિઆમાઇનર, સિરીઆ, આરમેનીઆ ને મેસોપટેમીઆ.

Area 730,000 ચોરસ માઈલ્સ છે.

People—વસ્તી 16 મીલીઅન્સ છે. અહીંના માણસો તુર્ક ને આરબ છે તેઓ શિઆ ધર્મ પાળેછે.

Surface—ટારસ, એન્ટીટારસ, લેબનન ને અરેરટ.

Commerce—વેપાર. આમદાની, ગાસલેટ તેલ ને વિલાયતી સામાન. રવાનગી, ખજુર, ઘઊં, મેવા.

Productions. ઘઊં, ચોખા, મકાઈ, ખાંડ, કપાસ, સુકો મેવો વગેરે.

Capes. બાબા ઉવેસ્ટમાં છે.

Lakes વાન ને ડેડ સી (મૃત્યુ સમુદ્ર).

Islands સાઈપ્રસ એશિઆમાઇનરની સાઉથમાં છે, તે ઇંગ્રેજ સરકારને તાબે છે.

Rivers કીઝલઈરમક બ્લેક સીમાં પડેછે.

યુફ્રેટીઝ ને ટૈગ્રીસ પરશીઅનગલ્ફમાં પડેછે.

Towns શેહરો—ટ્રેબીઝાંડ ને સીનોપ બ્લેક સી પર મુખ્ય બંદરો છે.

કેસેરીઆ કીઝલઈરમક પર. અહીં લોખંડની ખાણો છે.

સ્કુટરી બાસપરસપર છે.

સ્મરના ગાદીની જગ્યા. મોટું વેપારનું મથક ને હોમરની જન્મ ભૂમિ છે. ટારસ સાઉથમાં છે.

ટ્રીપોલી, બેરાઉટ, સાઈડન, ટાયર, એકર ને ગાઝા સિરીઆના કિનારાપર મુખ્ય બંદરો છે.

જેરૂસેલમ સાઉથમાં છે. અહિં ઈસુખ્રીસ્તને વધસ્થંભપર ચડાવ્યો હતો.

બેસોરા, હીલ્લા, ઓરફા, એર્ઝરમ. યુફ્રેટીઝપર છે. બેસોરા એશિઆટીકટર્કીમાં સઉથી મોટું વેપારનું બંદર છે.

મોસલ ટૈગ્રીસ પર છે, તે મજલીનના કપડા સારૂ પ્રખ્યાત છે.

બગદાદ ,, ખલીફની રાજગાદીનું શેહેર હતું.

વાન ,, પ્રાચીન કારીગીરીની ચીજો સારૂ પ્રખ્યાત છે.

એંગોરા મધ્ય ભાગમાં છે, અહિંના બકરાના વાળ રેશમ જેવા છે જેની શાલો બનેછે.

ARABIA.

Boundaries N. એશિઆટિકટર્કી, W. રેડ સી, S. અરેબીઅનસી, E. પરશિઅનગલ્ફ.

Area 1,2000,000 ચોરસ માઈલ્સ છે.

People 6 મિલીઅન્સ છે. અહિંના માણસો શિઆપંથી આરબ છે.

Climate અરેબિઆ દુનિઆના ગરમ ને સુકા દેશ માંહેલો એક દેશ છે ત્યાંની હવા તમામ ગરમ છે.

Production જુઆર, બાજરો, ખારેક, ખજુર ને કાફી છે.

Commerce આમદાની,–ચોખા, કાપડ ને વિલાયતી સામાન.
રવાનગી–ખારક, ખજુર, મેવા વગેરે.

Surface જેબલહીજાઝ, જેબલઅખધર ને માઊંટ સીનાઈ છે.

Animals અરેબિઆના ઘોડા ઘણા વખણાયછે પણ ઊંટ ઘણાજ ઉપયોગી પ્રાણી છે.

Capes રાસલહદ S. E. માં છે,

Islands બેહરીન અહિંથી મોતી નીકળેછે, તે પરશિઅનગલ્ફમાં છે. પેરીમ રેડસીના મુખ આગળ તે ઇંગ્રેજને તાબે છે.

Towns મક્કા મહમદ પેગંબરની જન્મભૂમી ને સૌથી મોટું શેહેર W. માં છે જીડા મક્કાનું બંદર છે.

મદીના W. માં છે, અહિં મહમદની કબર છે.

મોકા સ્ટ્રેટ્સ ઓફ બાબલમેંડબપર તે કાફીના વેપાર સારૂ પ્રખ્યાત છે.

એડન બંદર રેડસી પર તે ઇંગ્રેજ સરકારને તાબે છે. ઈંગ્લાંડથી હિંદુસ્તાન જતી આવતી આગબોટો લગર કરેછે; અહીં લશ્કરી પડાવ જબરો છે.

મકાલા ને શેર વેપારના બંદરો સાઉથમાં છે.

મસ્કત ગલ્ફ ઓફ ઓમનપર આ શેહેરનો હિંદુસ્તાન સાથે ઘણો જ વેપાર ચાલેછે.

PERSIA.

Boundaries N. તુર્કસ્તાન ને કેસ્પીઅન સી, W. એશિઆટીક ટર્કી, S. પરશીઅનગલ્ફ, E. અફઘાનીસ્તાન ને બલુચિસ્તાન.

Area 6,40,000 ચોરસ માઈલ્સ છે.

People 7 મીલીઅન્સ છે. અહીંના માણસોને ઈરાની કહે છે તેઓ ચંચળ સભ્ય ને દગાબાજ છે, ઈરાનીઓ શિઆપંથી મુસલમાન છે.

Production ઘઉં, ચોખા, કપાસ, તમાકુ ખસખસ વગેરે.

Commerce આમદાની ગાસલેટ તેલ, અનાજ વગેરે. રવાનગી રેશમ, અફીણ. સુકો મેવો, અતર, ગુલાબજળ વગેરે.

Manufacture ઈરાનીઓ ગલીચા, શાલ ને તલવાર બનાવવામાં હુશિઆર છે.

Animals ઊંટ ઘણા છે, ઘોડા મજબુત ને તેજ છે, ઈરાનના મેંઢાને ચપટી જાડી પૂછડી હોય છે, સિંહ થોડા છે.

Surface એલબુર્ઝરેંજ નાર્થમાં છે. Lakes ચુરૂમીઆ.

Towns ટેહેરાન ગાદીની જગ્યા N. માં ત્યાં સારા રમણીક બાગ છે. ટેબ્રીઝ N. W. માં, એ પરશિઆમાં સૌથી મોટું વેપારનું શેહેર છે. ઈસફાન ટેહેરાનની S. માં મોટું વેપારનું શેહેર છે. યેઝડ મધ્ય ભાગમાં ને મેશ્ડ N. E. માં મુખ્ય વણજારાના મથકો છે.

શીરાઝ પરશીઅનગલ્ફની ઈસ્ટમાં, શાદી ને હાફીઝ નામના ઈરાની કવિઓની કબર છે.

કરમન E. માં અહીં ઊંચી જાતની ઉનનો વેપાર ચાલે છે.

મુખ્ય બંદરો—બુશીર, ને કીશ, બંદર અબાસ અથવા ગંબરૂન ને ગુવાધર.

AFGHANISTAN.

Boundaries N. રશીઅન તુર્કસ્તાન, E. ઈંડિઆ, S. બલુચિસ્તાન W. પરશિઆ.

Area 250,000 ચોરસ માઈલ્સ છે

People 5 મીલીઅન્સ છે. આ દેશના લોકોને પઠાણ કહે છે તેઓ મજબુત, કદાવર, ઘણા બહાદુર ને લડવૈયા છે ને તેઓ શિઆ પંથી છે.

Productions અનાજ, કપાસ, સુકો મેવો (કીસમસ, કાળી દ્રાખ, પસ્તા, બદામ, જરદાલુ) ઇ૦.

Commerce–આમદાની–કાપડ ને વિલાયતી સામાન.

રવાનગી સુકો મેવો ને પશમ (ઇ૦).

Surface અફઘાનિસ્તાન એક પાહાડી દેશ છે. અને તેની અંદર હિંદુકુશ, સુલેમાન ને ખૈબર પાસ એ પર્વતો આવેલા છે.

Animals ઘોડા, ઢોર ને મેંઢા આ દેશના ઘોડા હિંદુસ્તાનમાં ઘણા આવેછે.

Lakes સએસ્તાન અથવા ઝુરા.

Rivers કાબુલ ઇંડસને મળેછે હેલમંડ.

Towns કાબુલ એ કાબુલ નદીપર ગાદીની જગ્યા છે, તે બાબર બાદશાહનું પ્રિય રહેઠાણ હતું. અહીંથી ઘોડા દ્રાખ ને સુકો મેવો હિંદુસ્તાનમાં આવેછે.

જલાલાબાદ ખૈબરપાસ પર છે. અહીં સર રાબર્ટ સેલે પઠાણોને હઠાવ્યા હતા. હેરાત N.W. માં છે

ગઝની સુલતાન મહમદની ગાદીની જગ્યા S. W. માં છે.

કંધાર હેલમંડ નદીપર અહીંથી હિંદુસ્તાનમાં ઘણો મેવો આવેછે.

બલ્ખ N. માં છે એ અગાઉ ઘણું સુંદર શેહેર હતું.

BALUCHISTAN.

Boundaries N. અફઘાનિસ્તાન, E. ઇંડિઆ, W. પરશીઆ

S. અરેબિઅનસી.

Area 120,000 ચોરસ માઈલ્સ છે.

People–1 મીલીઅન છે અહીંના માણુસોને બીરોઈ અથવા બ્રુસી કહેછે તેઓ મુસલમાની ધર્મ પાળેછે.

Surface હાલા એ મુખ્ય પર્વત છે બોલનપાસ એ રસ્તો છે.

Rivers ગંડાવા.

Towns કેલાત ગાદીની જગ્યા ગંડાવા નદીપર છે.

બેલા અહીંના સુબાને જામ કહેછે.

કુવેટા બોલનપાસ પર લશ્કરી મથક છે.

મુખ્યબંદરો ઓરમારા ને સોનમીઆની.

INDIA.

Boundaries N. હિમાલય માંઉંટેન્સ, E. બરમા ને બે ઑફ્ બેંગાલ. S. ઇંડિઅન ઓશન. W. અરેબિઅન સી અફઘાનિસ્તાન ને બલુચિસ્તાન.

Size હિંદુસ્તાનની દક્ષિણોત્તર લંબાઈ ને પૂર્વ પશ્ચિમ પોહોળાઈ 1800 માઈલ્સ છે ને કુલ ક્ષેત્રફળ આશરે 1½ મીલીઅન્સ છે,

Natural Divisions હિમાલયનો પ્રદેશ, ગંગાનો પ્રદેશ, ને ઇંડસનો પ્રદેશ.

Capes કામોરીન S. માં છે, માન્ઝ સિંધમાં, ડયુહેડ કાઠીઆવાડની S. માં; પૉઇંટ કાલીમર S. E. માં છે, પૉઇંટ પામીરાસ મહા નદીના મુખ આગળ છે.

Islands લકદીવ ને માલદીવ S. W. માં છે; સીલોન S.માં છે. આન્દામાન ને નીકાબોર બે ઑફ્ બેંગાલમાં છે. રામેશ્વર S.માં છે.

Coasts હિંદુસ્તાનના કિનારાની લંબાઈ 4,000 માઈલ્સ છે ને ફારવાટ થોડાછે. મુખ્ય અખાત ગલ્ફ ઑફ કચ્છ ને કેમ્બે W, માં છે. ગલ્ફ ઑફ મનાર, પેમ્બનપેસેજ ને પાક સ્ટ્રેટ હિંદુસ્તાન ને સીલોનની વચ્ચે છે.

Mountains હિમાલય માંઉટેન્સ N. માં સૌથી ઊંચી પર્વતની હાર છે તેનાં શીખર માંઉટ એવરેસ્ટ સાડા પાંચ માઈલ ઊંચો છે. કુનચીનચંગા ને ધ્વાલાગીરી બીજાં શીખરો છે. સુલેમાનરેંજ હિંદુસ્તાનને અફઘાનિસ્તાનથી જુદો પાડેછે. હાલારેંજ હિંદુસ્તાન ને સિંધથી જુદો પાડેછે. અરાવલીહીલ્સ ઇંડસ ને ગેંજીસના પ્રદેશ ની વચ્ચે છે. મુખ્ય શિખર માંઉટ આબુ છે. વિંધ્યા માંઉટેન્સ નર્મદાની N. માં છે. સાતપુડારેંજ નર્મદા ને તાપીની વચ્ચે છે. ઉવેસ્ટર્ન ઘાટસ W. માં છે ને ઈસ્ટર્ન ઘાટસ E. માં છે; નીલગીરીહીલ્સ તેઓને જોડેછે.

Table Lands દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ. માળવાનો ઉચ્ચ પ્રદેશ.

Plains–મેદાન ગેંજીસનું પ્લેન, ઇંડસનું પ્લેન; ઈસ્ટર્ન મેરીટાઈમ પ્લેન.

Rivers વિંધ્યા માંઉટેન્સના ઉત્તરના પ્રદેશમાં ત્રણ મુખ્ય નદીઓ છે. બ્રહ્મપુત્ર, ગેંજીસ ને ઇંડસ એ ત્રણે નદીઓ હિમાલયમાંથી નીકળેછે. ગેંજીસ હિમાલયના દક્ષિણ ભાગમાંથી નીકળી 1560 માઈલ્સ વહી બે ઑફ બેંગાલમાં પડેછે. મુખ્ય શાખાઓ જમના ગોગ્રા ને સોન. ઇંડસ હિંદુસ્તાનમાં સૌથી લાંબી નદી હિમાલય માંથી નીકળી 1800 માઈલ્સ વહીને અરેબિઅન સી માં પડેછે. મુખ્ય શાખાઓ ઝેલમ, ચીનાબ, રાવી, બીઆસ ને સતલજ પંજનદ આગળ ઇંડસને મળેછે. બ્રહ્મપુત્ર ઉત્તર હિમાલયમાંથી

નીકળી બે ઑફ બેંગાલમાં પડેછે. લુની અરાવલી હીલ્સમાંથી નીકળી કચ્છના રણમાં થઈ અરેબિઅન સીને મળેછે નર્મદા ને તાપી ગલ્ફ ઑફ કેમ્બેમાં પડેછે. મહા, ગોદાવરી, ક્રિશ્ના ને કાવેરી બે ઑફ બેંગાલમાં પડેછે.

Lakes કોલેર ગોદાવરી ને ક્રિશ્નાની વચ્ચે છે. સાંભર રજપુતાનામાં છે. ચીલ્કા ને પુલીકટ ઈસ્ટ કોસ્ટપર છે. બેકવાટર્સ ઉવેસ્ટ કોસ્ટપર છે.

Climate હિંદુસ્તાનનો આશરે અર્ધ ભાગ ઉષ્ણ કટીબંધમા છે. ઊંચા દેશો સિવાયના દેશોની હવા ગરમ છે, શિઆળો, ઉનાળો ને ચોમાસું એ મુખ્ય મોસમો છે.

Minerals લોઢું ઘણું મળેછે, કોયલા બેંગાલ ને સેંટ્રલ ઇંડિઆમાં મળેછે. સિંધવ પંજાબમાંથી નીકળેછે. સુરોખાર ઘણો મળેછે હિંદુસ્તાન ઘણો વખત થયાં હીરા સારૂ પ્રખ્યાત છે.

Vegetable Productions ચોખા ઘણું કરીને બેંગાલમાં ને કિનારાપર વવાયછે બાજરો ને જુવાર મધ્યના દેશોમાં વવાય છે. ઘઊં ઉત્તરમાં ઘણા વવાયછે. મસાલો દક્ષિણમાં ઉગેછે. રોટી, તમાકુ, આંબા ને બીજાં ફૂળ સઘળા દેશોમાં ઉગેછે. અફીણ માળવા ને બહારમાં વવાયછે. ચાહ આસામ ને હિમાલયની નજીક વવાયછે. કૉફી ઉવેસટર્ન ઘાટ પર વવાયછે. જંગલોમાં સાગનાં લાકડાં ઉગેછે.

Animals મેંઢાં, બકરાં, ઢોર, ભેંસો, કુતરાં, ઘોડા ને ઊંટ એ ઘેર પાળવાનાં જનાવર છે. હાથી. વાઘ, સિંહ, રીંછ, ઘણી જાતનાં વાંદરા ને હરણ જંગલોમાં પુષ્કળ છે. સિંહ ગુજરાતમાં મળેછે ને જંગલી ગધેડા સિંધમાં મળેછે. ગેંડા પૂર્વમાં મળેછે.

રેશમના કીડા બેંગાલમાં ઉછેરાયછે. સરપો ઘણા છે ને તેમાં થી થોડાઘણા ઝેરી છે મગરો ઘણી નદીઓમાં છે.

People–વસ્તી 287,179,715 છે. હિંદુસ્તાનમાં ઘણી જાતના માણસો વસેછે જેઓની ભાષા, પોશાક ને રીતભાત કેવળ જુદા છે. હિંદુસ્તાનના અસલી રહેવાસીઓ જંગલી હતા તેઓ ઈશાન ખુણેથી આવ્યા.

ડ્રેવીડીઅન હિંદુસ્તાનમાં વાયવ્ય ખુણામાંથી આવ્યા ને દક્ષિણ હિંદમાં ફેલાઈ ગયા, તેઓ પછી સીથીઅન આવ્યા.

આર્યન વાયવ્ય ખુણામાંથી આવ્યા ને જો કે ઘણાખરા ઉત્તર હિંદમાં વસ્યા તોપણ તેમાંથી થોડા આખા હિંદમાં ફેલાઈ ગયા. ઈશાન સરહદ પર ઇન્ડોચાઈનીઝ જાતના ચપટા ચેહેરાવાળા લોકો રહેછે. મુસલમાનના હુમલાથી આરબો, પઠાણો, ને ઇરાનીઓ હિંદમાં આવ્યા, જેના વંશજો ઘણા ભાગમાં છે. પારસીઓ પશ્ચિમ કિનારા પર ઘણા છે તેઓ પરશિઆમાંથી આવ્યા. યુરોપીઅનોના વંશજો ઘણા શેહેરમાં છે. થોડા યાહુદીઓ અને સીરીયાના ખ્રિસ્તીઓ મલબાર કિનારે આવી વસ્યા હતા.

Character બંગાલી ઠીંગણા, કમજોર ને બાયલા છે તો પણ તેઓ ચતુર ને મેહેનતુ છે. સિખ ને થોડી ઉતરની જાતનાં માણસો ઊંચા ને બાહાદુર છે. દક્ષિણની જાતોમાંથી ટાગોલ ઉદ્યોગી ને સાહસિક છે. હિંદુઓ ગરીબ સભ્ય ને પોતાના કુટુંબ પર માયા રાખનાર છે, તેઓ નાહિંમત ને અદાલતમાં જવાના ઘણા શોખીન છે. લગ્નમાં અમથો ખરચ કરવાથી ઘણા તો ગરીબજ રહેછે. તેઓ બાળલગ્ન કરેછે જેથી ઘણી

ખરાબી થાયછે, સ્ત્રીઓને અજ્ઞાન રાખવામાં આવેછે પણ ઘણા સમજુ ને સુધરેલા માણસોમાં સ્ત્રી કેળવણીનો વિચાર પસરતો જાય છે, જ્યાં સુધી બધી સ્ત્રીઓ ભણશે નહીં ત્યાં સુધી હિંદવાસીઓ પુરેપુરા સુખી અને સુધરેલા નહીં થાય. જાતિ બંધન એટલું જબરૂં છે કે તેથી સુધારા ને કેળવણીમાં અટકાયત થાયછે.

Languages હિંદુસ્તાનમાં આશરે એકસો ભાષા બોલાયછે જેમાંથી સંસ્કૃત, દ્રેવીડીઅન ને બ્રહ્મી એ મુખ્ય ભાષા છે. આર્યનો સંસ્કૃત ભાષા બોલતા જેમાંથી અસલના રહેવાસીઓની બોલીઓ સાથે મળી બંગાલી, ઉરીઆ, હિંદી, પંજાબી મરાઠી, ગુજરાતી ને સીંધી બોલીઓ ઉત્પન્ન થઈ. દ્રેવીડીઅન ભાષા મદ્રાસ ઈલાકામાં બોલાય છે જેમાંથી ટામીલ, મલાયલમ કનારી ટેલુગુ ને ગોંડી બોલીઓ ઉત્પન્ન થઈ. ઈંગ્રેજી ભાષા હિંદુસ્તાનના ઘણા ભાગોમાં શીખવવામાં આવેછે ને હમણાં સંસ્કૃતનું ઠેકાણું લેતી જાયછે. બ્રહ્મી ભાષા ઈશાન કોણમાં બોલાયછે.

Commerce હિંદુસ્તાનનો પરદેશ સાથે દર વરસે 145 કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે. આમદાની–સુતરાઉ ને ગરમ કાપડ, ખજાનો, ધાતુ, સંચા, દારૂ, રેશમી કાપડ, કોયલા ને તેલ વગેરે. રવાનગી–કપાસ, અનાજ, અફીણ, બીજ, સણ, ચામડાં, ગળી, ચાહ, રેશમ, ઉન ને સિંધવ, અફીણ ચીન મોકલવામાં આવેછે. બીજી બધી જણસો ઈગ્લાંડ મોકલવામાં આવેછે

Religions મૂર્તિ પૂજવાનો ધારો અસલના જંગલી માણસોમાં ઘણો હતો ને હજી પણ ચાલ્યો આવેછે. આર્યનો ઈંદ્ર (આકાશ)

અગ્નિ (દેવતા) ને સૂર્યને પૂજતા. પછી નવા દેવતાઓ ઉત્પન્ન થયા. મુસલમાની ધર્મને માનનારા માણસો વસ્તીનો પાંચમો ભાગ છે. પારસીઓ આતશની પૂજા કરેછે.

Railways હિંદુસ્તાનના મુખ્ય શેહેરો આગગાડીથી એકબીજા સાથે જોડાઇ ગયા છે. આશરે 13,000 માઇલ્સમાં રેલવે ચાલેછે ને 4,000 માઇલ્સમાં બંધાયછે.

હિંદુસ્તાનની મુખ્ય આગગાડીઓ–ઈસ્ટ ઈંડિઅન સ્ટેટ રેલવે, ગ્રેટ ઈંડિઅન- પેનીનસુલા રેલવે, મદ્રાસ રેલવે, પંજાબ દીલ્હી રેલવે, ઈંડિસ વેલી રેલવે, નાર્થ વેસ્ટર્ન રેલવે, બૉમ્બે બરોડા રેલવે, ભાવનગર, પોરબંદર જુનાગઢ રેલવે, વગેરે.

Revenue. રેલવેની ઉપજ મળીને હિંદુસ્તાનની વાર્ષિક વસુલાત 70 કરોડ રૂપીઆની છે.

Present Political Divisions:–

1 બ્રિટિશ પઝેશન્સ બ્રિટિશ રાજ્ય.
2 પ્રોટેક્ટેડ નેટીવ સ્ટેટસ દેશી રાજ્ય.
3 ઈનડીપેનડન્ટ ને ફારેન સ્ટેટસ, સ્વતંત્ર ને પરદેશી સંસ્થાન.

ગવરનર અથવા લેફટેનન્ટ ગવરનરના હાથ નીચેના દેશો.

લોઅર પ્રાવીનસેસ ઑફ બેંગાલ, નાર્થ વેસ્ટ પ્રૉવીનસેસ ને આઉધ પંજાબ, બામ્બે પ્રેસીડેન્સી ને મદ્રાસ પ્રેસીડેન્સી.

કમીશ્નર અથવા ચીફ કમીશ્નરના હાથ નીચેના દેશો.

આસામ સેંટ્રલ પ્રૉવીનસેસ, બેરાર, અજમીર ને કુર્ગ.

Lower Provinces of Bengal.

આ પ્રાંતના ચાર મુખ્ય ભાગ થએલા છે બેંગાલ, ઓરિસા,

બહાર ને છોટા નાગપુર,
People વસ્તી આશરે 75 મીલીઅન્સ છે.
Revenue 18 કરોડ રૂપીઆ છે.

BENGAL.

Boundaries N. નેપાલ ને ભુતાન, E. આસામ ને બરમા, S. બે ઑફ્ બેંગાલ, W. બહાર.
Climate શિઆળો, ઉનાળો ને ચોમાસું એ ત્રણ મુખ્ય મોસમો છે.
Productions ચોખા ઘણા પાકેછે. સરસી, ખાંડ, ગળી, સણ. તમાકુ વગેરે પાકેછે. બેંગાલનાં માણુસોને બંગાલી કહેછે તેઓ ઈંગ્રેજી ભણવામાં આગેવાન છે.
Towns કલકત્તા હિંદુસ્તાનની ગાદીની જગ્યા ને મોટું વેપારનું બંદર હુગલી નદી પર છે. તે પેહેલાં નાનું ગામડું હતું ત્યાંની ઈમારતો ઘણી સારી છે તેથી તેને કોઈકોઈ વાર મેહેલાતનું નગર કહેછે. નુદીઆ ગાદીની જગ્યા ને સંસ્કૃત પાઠશાળા સારૂ પ્રખ્યાત હતું. પ્લાસી કલકત્તાની N. માં નાનું ગામ હતું. અહીં કલાઈવ સુરાજા દૌલાને હરાવી બંગાલનો ફળદ્રુપ મુલક ઇંગ્રેજ સરકારને જીતી આપ્યો. કાસીમબજાર મુરસીદાબાદની નજીક રેશમના વેપાર સારૂ પ્રખ્યાત હતું. દારજીલીંગ N.માં છે ઠંડી હવાને લીધે યુરોપીઅનો આવેછે. ઢાકા બ્રહ્મપુત્ર નદી પર છે તે મલમલ સારૂ પ્રખ્યાત હતું. ચીટાગાંગ ચીટાગાંગ નદી પર છે ત્યાં સાગના લાકડાનો વેપાર ઘણો ચાલેછે ને મોટાં વાહાણો બંધાયછે. હુગલી. હુગલી નદી પર કલકત્તે આવ્યા અગાઉ ઈંગ્રેજની અહીં કોઠી હતી. બર્ધવાન હુગલી નદીની N.માં છે અહીં રાજા રહેછે. ચીનસુરા હુગલી નદી પર છે તે આગળ ડચના હાથમાં હતું.

ચંદ્રનગર N. માં ફ્રેંચને તાબે છે.

ORISSA.

આ દેશ બે ઑફ્ બેંગાલના કિનારા પર છે. તે આશરે સીલોન જેટલો છે.

Climate હવા ગરમ છે, પણ અંદરના ભાગની હવા આજારી છે ચોખાનો પાક સારો થાયછે.

Towns કટક માહાનદી પર છે. પુરી બંદર દરિયા કિનારે છે અહીં જગનનાથનું મંદીર છે.

BEHAR.

આ ફળદ્રુપ દેશ બેંગાલ ને નાર્થ ઉવેસ્ટ પ્રાવીનસેસની વચ્ચે છે.

Towns ભાગલપુર ગંગા નદી પર છે. પાટના ગંગાનદી પર છે, અહીં અફીણ ઘણું નીપજે છે. ગયા, પાટનાની S. માં તીર્થની જગ્યા છે. બકસાર ગંગા નદી પર અહીં 1764 મા લડાઈ થઈ હતી.

Native States in the Lower Provinces:—

સીકીમ, કુચબહાર ને હીલટીપેરા એ મુખ્ય દેશી રાજ્ય છે.

ASSAM.

આસામ ને થોડા પાહાડી પ્રગણા S.માં છે. હિંદુસ્તાનમાં ચાહ પેહેલવેહેલી અહીં વવાણી હતી.

Towns ગૌહાટી કામરૂપમાં છે.

N. W. PROVINCES.

Boundaries N. હિમાલય, આઉધ ને નેપાલ, E. બહાર, S. રેવા, બુંદેલખંડ ને ગ્વાલીઅર, W. રજપુતાના ને પંજાબ.

Area 82,000 ચોરસ માઈલ્સ છે.

People—વસ્તી 83 મીલીઅન્સ છે.

Productions અનાજ, અફીણ, સરસી, ખાંડ, ગળી, કપાસ વગેરે.

Towns અલ્લાહબાદ (પ્રયાગ) ગાદીની જગ્યા ગંગા ને જમના નદીના સંગમ પર છે. કાનપુર ગંગા નદી પર લશ્કરી છાવણી છે, નાનાસાહેબે 1857 માં અહીં કતલ કરાવી હતી. બનારસ અથવા કાશી ગંગા નદી પર તીર્થની જગ્યા ને હુન્નરનું ઠેકાણું છે. ગાઝીપુર ગંગા નદી પર ગુલાબજળ ને અફીણના વેપારને સારૂ પ્રખ્યાત છે, અહીં લાર્ડ કાર્નવાલીસ 1805 માં મરી ગયો. ફરૂખાબાથ ગંગા પર છે. મથુરા ક્રિશ્નની જન્મ ભૂમી જમના નદી પર છે. મીરત ગંગાપર છે 1857 માં બળવો ઉઠયો હતો. બરેલી રોહીલખંડમાં સૌથી મોટું શેહેર છે. હરદ્વાર ગંગા પર છે. અહીં ઘણા જાત્રાળુઓ આવેછે. રામપોર ને ગારવાલ એ દેશી રાજ્ય છે.

OUDH.

આ દેશ નેપાલ ને ગેંજીસની વચ્ચે છે.

Area 24.000 ચોરસ માઈલ્સ છે.

People વસ્તી 12 મીલીઅન્સ છે.

Towns લખનૌ ગાદીની જગ્યા ગોમતી નદી પર છે. ફૈઝાબાદ ગોગ્રા નદી પર છે.

THE PUNJAB.

Boundaries N કાશ્મીર. E. જમના, S. રજપુતાના, W. સુલેમાન માંઉંટેન્સ.

Area 107,000 ચોરસ માઈલ્સ છે.

People 19 મીલીઅન્સ છે.

Climate ઉનાળામાં ઘણી ગરમી પડેછે, ને શિઆળામાં હિંદુસ્તાનના સઘળા દેશો કરતાં વધારે ઠંડી પડેછે.

Productions ફૂટકી, ઘઉં ચણા વગેરે.

Revenue 4½ કરોડ રૂપીઆ

Towns લાહોર રાવી નદી પર ગાદીની જગ્યા છે અહીં રણજીતસિંહની દેવડી તથા સારી સારી ઈમારતો છે. અમ્રીતસર રાવી ને બીઆસ વચ્ચે સૌથી મોટું શેહેર છે, અહીં સુતરના, રેશમના. ને શાલના કારખાના તથા નાનકનું મંદીર છે. લુધીઆના સતલજ નદી પર અહીં શાલના કારખાના છે. અંબાલા સતલજ ને બિઆસ વચ્ચે અહીં લશ્કરી મથક છે. સીમલા હિમાલય પાસે અહીં વૉઈસરાય ઉનાળામાં રહેઠાણ કરેછે. દીલ્હી જમના પર સૌથી મોટું શેહેર છે તે પ્રાચીન હીંદુ રાજ્યની ગાદીની જગ્યા હતું ને પાછળથી મુગલોની ગાદીની જગ્યા હતું અહીં કુતુબ મીનારો કુતુબ મસજીદ વગેરે સારી સારી ઈમારતો છે. મુલતાન ચીનાબ પર લશ્કરી મથક ને કારખાનાવાળું શેહેર છે. અટક ઈંડસ પર છે. પેશાવર ને રાવલપીંડી લશ્કરી મથક છે. પેશાવર ખૈબરપાસ પર અને રાવલપીંડી ઈંડસ પર છે.

PROTECTED STATES IN THE PUNJAB.

1 કાશ્મીર મુખ્ય શેહેર કાશ્મીર શાલોના કારખાના સારૂ પ્રખ્યાત છે.

2 ભાવલપુર „ ભાવલપુર ઘારા નદી પર છે.

3 પટીઆલા „ પટીઆલા ઈસ્ટમાં છે.

RAJPUTANA.

રજપુતસ્થાન સિંધની E.માં, પંજાબની S.માં ને તેનો વિસ્તાર મુંબઈ ઈલાકા કરતાં પણ વધારે છે.

Area 130.000 ચોરસ માઈલ્સ છે.

People 11 મીલીઅન્સ છે. અહીના માણસો રજપુત કહેવાય છે તેઓ અફીણી છે.

Surface અરાવલી હીલ્સ રજપુરસ્થાનના બે ભાગ કરેછે પશ્ચિમે થર અથવા ગ્રેટ ઇંડિઅન ડેઝર્ટ છે. સાંભર લેકમાં મીઠું પાકેછે.

Towns જોધપુર ગાદીની જગ્યા સેંટરમાં છે. જયપુર હિંદુસ્તાનનું એક જોવા લાયક શેહેર N.E. માં છે. ઉદેપુર, ઉદેપુર સંસ્થાનની દક્ષિણે ગાદીની જગ્યા અહીં સુંદર મેહેલ છે. ચીતોડ N.E. માં છે. બીકાનેર ને જેસલમીર બે સુકાં શેહેર W. માં છે અહીં કુવા ઘણા ઊંડા છે. ભરતપુર આગ્રાની W. માં ઘેરા સારૂ પ્રખ્યાત છે.

CENTRAL INDIA AGENCY.

આમાં 71 દેશી સંસ્થાનો છે.

Area 89,000 ચોરસ માઈલ્સ છે.

Population 9 મિલીઅન્સ છે.

Towns રેવા, રેવા સંસ્થાનની ગાદીની જગ્યા.

બુંદેલખંડમાં બુંદેલ જાતના રજપુત રહેછે, તેનો ઘણો ભાગ ઇંગ્રેજ સરકારને તાબે છે ને બાકીના ભાગનાં ઘણાં સંસ્થાનો છે.

પનાહ E.માં છે ને હીરા સારૂ પ્રખ્યાત છે.

ગ્વાલીઅર પ્રગણું સિંધિઆને તાબે સૌથી મોટું સંસ્થાન છે. મુખ્ય શેહેર ગ્વાલીઅર N. માં છે અહીં ડુંગરી કિલ્લો છે.

ઉજ્જન માલવાની ગાદીની જગ્યા સીપ્રા નદી પર છે.

ઈંડોર અથવા હોલકરનું પ્રગણું નર્મદા નદીની બંને બાજુએ છે. મુખ્ય શેહેર ઈંડોર ગાદીની જગ્યા વિંધ્યાની ઉત્તરે છે.

મોહુ, ઈગ્રેજી લશ્કરી થાણું ઈંદોરની નજીક છે.
ભોપાલ, મુસલમાન બેગમના હાથ નીચે બેટવા નદી પર છે.

The Central Provinces.

મધ્ય પ્રાંતો નિઝામના મુલક ને છોટાનાગપોરની વચ્ચે છે.
Area 84,000 ચોરસ માઈલ્સ છે.
Population 10 મિલીઅન્સ છે.
Surface સાતપુડારેંજ ને વિંધ્યારેંજ.
નાગપુર ગાદીની જગ્યા અહીં રેશમી કીનારીના ધોતીઆં સારાં થાયછે. જબલપુર નર્મદા નદી પર અહીં મોટી હુન્નરશાળા છે.

Nizam's Dominions.

ખંડીઆ દેશી સંસ્થાનોમાં નીજામનું રાજ્ય સૌથી મોટું છે.
Population વસ્તી આશરે 12 મિલીઅન્સ છે.
Towns હૈદ્રાબાદ ગાદીની જગ્યા ક્રિશ્ના નદી પર છે. સીકંદરાબાદ હૈદ્રાબાદ પાસે લશ્કરી મથક છે. ગોલકોંડા ક્રિશ્ના પર હીરા વાસ્તે પ્રખ્યાત હતું. ઔરંગાબાદ ઔરંગજેબનું બંધાવેલું તથા પ્રિય રેહઠાણ ગોદાવરી પર છે. દોલતાબાદ અથવા દેવગીરી ઔરંગાબાદ પાસે અહીં ડુંગરી કિલ્લો છે. એસે ઔરંગાબાદની N.E. માં અહી વેલ્સલેએ મરાઠાઓને 1803માં હરાવ્યા હતા.

BERAR.

બેરાર પ્રાંત સેંટ્રલ પ્રાવીનસેસની W. માં છે.
Area 17 700 ચોરસ માઈલ્સ છે.
Population વસ્તી આશરે 2½ મિલીઅન્સ છે.
Towns અકોલા અમરોટી ને ઈલીચપુર વગેરે.

THE BOMBAY PRESIDENCY.

Boundaries N. બલુચિસ્તાન ને રજપુતાના E. સેંટ્રલ-પ્રૉવીનસેસ ને નીઝામનો દેશ, S. મ્હેસુર, W. આરેબિઅન સી ને બલુચિસ્તાન.

Divisions સિંધ, કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત ને મહારાષ્ટ્ર,

Area 124,000 ચોરસ માઈલ્સ છે.

Population વસ્તી આશરે 20 મિલીઅન્સ છે.

Climate ઘણો વરસાદ પડેછે તેથી હવા શાંત છે. સિંધ દેશ ગરમ ને સુકો છે.

Productions અનાજ, કપાસ, નાળીએર સાગનાં લાકડાં વગેરે.

Revenue વસુલાત 11 કરોડ રૂપીઆ છે.

Commerce આ ઈલાકાનો પરદેશ સાથે આશરે 17 કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે. આમદાની–સુતરાઉ ને ગરમ કાપડ, ધાતુ, સંચા, કોયલા ને મદિરા (દારૂ). રવાનગી–કપાસ, અફીણ, તલ, ઘઉં, સુતરાઉ સામાન ને પશમ.

Rivers સાબરતી, મહી, નર્મદા, તાપી, ગોદાવરી ને ક્રિશ્ના.

Towns બૉમ્બે (મુંબઈ) હિંદુસ્તાનમાં સૌથી મોટું શેહેર ને એશિયામાં સૌથી મોટું વેપારનું બંદર છે. આ શેહેર 1661 ઈગ્રેજી બાદશાહ ચાર્લસ બીજાને કન્યાદાનમાં મળ્યું હતું. જોવા લાયક ઈમારતો–ટાઉનહાલ, ટંકશાળ, યુનીવરસીટી હાલ, .રાજા બાઈ ટૉવર, ક્રાફર્ડ મારકેટ, રાણીનો બાગ, સંગ્રહસ્થાન (મ્યુઝીઅમ) એલફીનસ્ટન કૉલેજ, વીકટોરીઆ ટર્મીનસ (નવું સ્ટેશન) વગેરે સુરત તાપી નદી પર છે અહીં ઇગ્રેજોએ 1612 માં કોઠી નાખી હતી. બ્રોચ (ભરૂચ) નર્મદા નદી પર અહીં કપાસનો વેપાર ઘણો ચાલેછે,

અમદાવાદ સાબરમતી પર છે, અહીં સારી સારી ઈમારતો છે. નાશિક ગોદાવરી પર છે. અહમદનગર મુસલમાન બાદશાહીની ગાદીની જગ્યા સીના પર છે. પુના અહમદનગરની S.માં પેશ્વાની ગાદીની જગ્યા હતું ને લશ્કરી છાવણી છે. સતારા મરેઠાની ગાદીની જગ્યા W.માં છે. માહાબીલેશ્વર N. W.માં છે. શીતળ ને સુખાકારી હવાને લીધે મુંબઇનો ગવરનર તથા રાજાઓ ઉનાળામાં રહેઠાણ કરેછે. શોલાપુર પુનાની E. માં મોટું વેપારનું શેહેર છે ને તેમાં કાપડની મીલો (સંચા) છે. બેલગામ ગોઆની N. E. માં લશ્કરી છાવણી છે. કારવાડ, કુમટા ને હોનોવર નાર્થ કેનારામાં મુખ્ય શેહેરો છે.

SIND.

સિંધ દેશની હવા સુકી ને ગરમ છે પણ ઈંડસ નદીના પ્રદેશમાં સારો પાક થાયછે.

Towns કરાચી સિંધમાં સૌથી મોટું શેહેર ને વેપારનું મુખ્ય બંદર છે. હૈદ્રાબાદ મીરના રાજમાં સિંધની ગાદીની જગ્યા હતું અહીં ઘણી જાતનું ભરત કામ થાયછે. શિકારપુર ઈંડસની પશ્ચિમે વેપારનું મથક છે. ઉમરકોટ અકબરની જન્મ ભૂમી થરપારકરની ગાદીની જગ્યા છે.

Protected States in Western India.

ખૈરપુર સંસ્થાન મુખ્ય શેહેર ખૈરપુર સિંધમાં છે.

કચ્છ—તેનું મુખ્ય શેહેર ભુજ ને બંદર માંડવી છે.

ગુજરાત ગાદીની જગ્યા બરોડા મહી નદી પર છે, અહીં શીઆજી રાવ ગાયકવાડ રહેછે.

કાઠિઆવાડ—શેહેરો રાજકોટ, ભાવનગર, પોરબંદર, દ્વારકા (તીર્થ

ની જગ્યા) સોમનાથ, જુનાગઢ વગેરે.

પાલણપોર, મહીકાંઠા, રેવાકાંઠા, કોલાપુર, સાંવતવાડી ને કેમ્બે.

THE MADRAS PRESIDENCY

Boundaries આ ઈલાકાની ત્રણે બાજુએ સમુદ્ર છે. N.માં ઓરિસા, નીજામનો દેશ, સેંટ્રલપ્રાવીનસેસ ને મ્હેસુર.

Area 138,000 ચોરસ માઈલ્સ છે.

Population વસ્તી આશરે 33 મીલીઅન્સ છે.

Climate હવા ગરમ છે. થોડા ભાગમાં બહુજ થોડો વરસાદ પડેછે.

Rivers ગોદાવરી, ક્રિશ્ના ને કાવેરી.

Productions ચોખા. બાજરો, તમાકુ, નાળીએર, કૉફી, સોપારી. એલચી ને તેજાના.

Commerce–પરદેશ સાથે દર વરસે 8 કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે. આમદાની–સુતરાઉ કાપડ, ચોખા, ધાતુ, મદીરા ને લાકડાં. રવાનગી–ચોખા, કૉફી, ગળી, ખાંડ તેલ વગેરે.

Minerals–લોઢું હિરા ને સોનું થોડું નીકળેછે.

Towns–મદ્રાસ.ઈલાકાની ગાદીની જગ્યા ને E.માં મુખ્યબંદર છે. મછલીપટમ–ક્રિશ્ના પર છે અહીં છીટનાં કારખાનાં છે. ટેંજોર–કાવેરી નદી પર અહીં મોટું મંદિર છે. ટ્રીચીનાપલી–કાવેરી નદી પર ચીરૂટ ને રત્નો સારૂ પ્રખ્યાત છે. કલીકટ ને કોચીન–મલબાર કિનારા પર મુખ્ય બંદરો છે. કોચીનમાં સારાં મોટાં મોટાં વાહાણો બંધાય છે.

MYSORE.

આ દેશ હેદરઅલી ને ટીપુ સુલતાનના વખતમાં જોરાવર હતો.

Towns–બેંગલોર E.માં છે, અહીં સુંદર રમણીય બાગો છે.

મ્હેસુર સાઉથમાં છે અહીં મહારાજા રેહેછે. સેરીંગાપટમ (શ્રીરંગ પટણ) હૈદરઅલીના વખતમાં ગાદીની જગ્યા હતું આ શેહેરના ઘેરા માં ટીપુ સુલતાન માર્યો ગયો હતો. મરકરા–કુર્ગની ગાદીની જગ્યા છે, આ દેશમાં એળચી તથા કૉફી ઘણાં ઉગેછે.

Protected States under the Madras Presidency.

ત્રાવનકોર–ગાદીની જગ્યા ત્રીવનદ્રમ છે.

કોચીન સંસ્થાન–ગાદીની જગ્યા અરનાકોલમ.

Independent States.

નેપાલ–ગાદીની જગ્યા ખટમંડુ આ શેહેરમાં ઘણાં લાકડાનાં મંદીરો છે.

ભુતાન–ગાદીની જગ્યા ટાસીસ્યુડન.

Chief Towns on the Coast–હિંદુસ્તાનના પૂર્વથી પશ્ચિમ કિનારા સુધીનાં બંદરો–કરાચી, પોરબંદર, બ્રોચ (નર્બદા) સુરત, (તાપી) બૉમ્બે, રત્નાગીરી, વીંગોરલા, પેજીમ, કારવાડ, કુમટા, હોનાવર, મેંગલોર, કાનાનોર, ટેલીચરી, કેલીકટ, કોચીન, પોંડીચેરી, મદ્રાસ, મછલીપટમ, વીઝાગાપટમ, પુરી, કલકત્તા, ચીટાગાંગ.

Chief Towns on the Ganges.

હુરદ્વાર, ફરૂખાબાદ, કાનપોર, અલ્લાહબાદ, મીર્ઝાપોર (all on right bank), બીનારસ (Left), ગાઝીપુર, બકસાર, ડીનાપુર, પાટના, મોંગીર, ભાગલપોર, રાજમહાલ, મુર્શીદાબાદ હુગલી. (all right bank) કલકત્તા (Left), દીલ્હી, મથુરાં ને આગ્રા જમના નદીને જમણે કીનારે છે.

Chief Towns on the Indus.

અટક (Left), કલાબાગ, ડેરા ઈસમાલખાન, ડેરા ગાઝીખાન,

ઓથનકોટ, સખર (all right bank), **રોહરી** (Left), **લાર-**
ખાના (Right), **હૈદ્રાબાદ** (Left), **કોટ્રી** (Right).

Towns ranked according to Population (1891)

બૉમ્બે, કુલકત્તા, મદ્રાસ, દખણ**હૈદ્રાબાદ, લખનૌ, બીનારસ, દીલ્હી,**
મેંડલે, કાનપોર, બેંગલોર, રંગુન, લાહોર, અલ્લાહબાદ, આગ્રા,
પાટના, પુના, જેપોર, અમદાવાદ, અમ્રૃતસર, બરેલી, મીરત,
શ્રીનગર, ઢાક્કા, નાગપોર, હૌરા, વડોદરા, સુરત, કરાચી,
ગ્વાલીઅર. ઉપલા શેહેરોમાં એક લાખ કરતાં વધારે માણસ વસેછે.

Chief Centres of Industry.

કોયલાની ખાણો—ઉવેસ્ટર્ન **બેંગાલ, સેંટ્રલ** પ્રૉવીનસેસ.

મીઠું—**સાંભર લેક.** કલાબાગ, **મુંબઈ** ને **મદ્રાસ**ને કિનારે.

અફીણ—**બહાર** ને માળવા.

ગળી—**બેંગાળ, બહાર,** ને **મદ્રાસ** ઈલાકો.

સણ—બેંગાલ.

કાપડ તથા કપાસના સંચા—**બૉમ્બે, બ્રોચ.** **અમદાવાદ. કલકત્તા,**
મદ્રાસ, કાનપોર ને ઈડોર.

રેશમના કારખાના—**બેંગાલ**ને **મ્હેસુર.**

શાલ્સ (શાલ)—કાશ્મીર, અમ્રીતસર, લુધીઆના.

રત્ન ને ઝવેર જડીત કામ—**ત્રીચીનાપલી, કટક** ને **કચ્છ.**

સીસમ ને સાગનો સામાન—**બૉમ્બે** કરાચી વગેરે.

CEYLON.

હિંદી મહાસાગરમાં એક મોટો બેટ છે. આ બેટનો કેટલોક ભાગ
વલંદા ને ફ્રેંચ લોકોને તાબે હતો પણ, સને 1815થી આ બેટ
આપણી મહારાણી વિકટોરીઆને તાબે છે. તેનો આકાર આંબા

જેવો છે. આ બેટનાં માણસો બુદ્ધ ધર્મ પાળેછે.

Area 24,500 માઈલ્સ છે. Population–3 મિલીઅન્સ છે.

Productions કૉફી, ચોખા, નાળીએર, ચાહ, સોપારી, તજ, કરીઆણું. Animals હાથી, ચીત્રા, રીંછ ને મોતીની સીપો.

Climate હિંદુસ્તાનના કિનારાના દેશ જેટલી ગરમી અહીં નથી પડતી.

Rivers માહાવીલી ગંગા, ને કાલાની ગંગા.

Towns કોલમ્બો ગાદીની જગ્યા છે. આ બંદરેથી ઘણોખરો માલ રવાના કરવામાં આવેછે. ગાલી S.માં છે, અહીં ચીન, હિંદુસ્તાન, ને આસ્ટ્રેલીઆની આગબોટ લંગર કરતી. ટ્રીન્કોમાલી E.માં ઘણું સારૂં બંદર છે. કાંદી સીંહાલી રાજાની ગાદીની જગ્યા હતું.

INDO–CHINESE PENINSULA

N. ચાઈના ને ટીબેટ, W. ઈંડિઆ ને બે ઑફ બેંગાલ, S. & E. ચાઈના સી.

Divisions બરમા સિઆમ, ટાનકીન, એનમ, ફ્રેંચ કોચીના, ચાઈના ને મલાયા.

Capes નીગ્રેસ. રોમાનીઆ ને કેમ્બોડીઆ.

Island સીંગાપોર પીનાંગ.

Rivers ઈરાવદી, સીટાંગ, સાલવીન, મીનમ, મીકૉંગ ને ટાનકીન.

Productions ચોખા ને સાગના લાકડા.

Minerals કીમતી રત્નો ને કલઈ.

Animals ગેંડાં ને એક જાતના માણસ જેવા પ્રાણી.

આમદાની–સુતરાઉ કાપડ, કાચું રેશમ ને સોપારી. રવાનગી ચોખાં, સાગનાં લાકડા, ગુંદ, કપાસ ને ચામડા.

Towns મેંડલે ગાદીની જગ્યા ઈરાવદી નદી પર છે. આવા ઈરાવદી પર પ્રાચીન ગાદીની જગ્યા હતું. બેન્કોક સીઆમની ગાદીની જગ્યા, આ શેહેરની વસ્તીનો અરધો ભાગ નદીમાં તરતાં ઘરોમાં રહેછે. હ્યુ (હુ) પૂર્વ કિનારે છે. સેગન ફ્રેંચ, કોચીન, ચાઈનાની ગાદીની જગ્યા છે. ચુડાંગ કેમ્બોડીઆની ગાદીની જગ્યા છે. આરાકાન તમામ ગંદુ ને નાદુરસ્ત શેહેર પૂર્વ કિનારે છે. મલાકા ને સીંગાપોર ઈંગ્રેજને તાબે, જાર્જ ટાઉન ઈંગ્રેજને તાબે છે. આ બંદરનો વેપાર ઘણો છે. રંગુન, ઈરાવદી પર છે, ત્યાં ચોખા ને સાગનાં લાકડાંનો વેપાર ઘણો ચાલેછે.

THE CHINESE EMPIRE.

Boundaries N. એશિઆટીક રશિઆ, E. પેસીફીક, S. ઈંડો-ચાઈનીઝ પેનીનસુલા ને ઈંડિઆ, W. તુર્કસ્તાન.

Area 4½ મિલીઅન્સ ચોરસ માઈલ્સ છે.

People વસ્તી 380 મિલીઅન્સ છે. ચીનાઓ મંગોલીઅન જાતના છે તેઓ હુનરી, ઉદ્યોગી ને માબાપનો સત્કાર કરનારા છે, ચીનાઓનો રંગ પીળો ચપટું મોં ને ત્રાંસી આંખો હોય છે.

Divisions ચાઈનાપ્રૉપર, કોરીઆ, મંગોલીઆ, મનચુરીઆ, ટીબેટ ને ઈસ્ટર્ન તુર્કસ્તાન છે.

Islands હેનન, ફૉરમોસા, હૉંગકૉંગ ને મકાઓ.

Surface પેલીંગ યનલીંગ ને નેનલીંગ.

Rivers કેન્ટન, યાંગ ટીસ્કીઆંગ, હોઆંગહો, ચુંહો, અમુર ને ચેનીસી.

Lakes લૉપ્નૉર, કોકોનૉર, ને ટેંગ્રીનૉર.

Productions ચોખા, વાંસ, કપુર ને ચાહ,

Religion બુદ્ધ ધર્મ ચાલેછે પણ ઘણા મોટેરાઓની મૂર્તિઓને પૂજે છે.

Animals માછલી ને ડુક્કર મુખ્ય ખાવાનાં પ્રાણી છે. કુતરાં, ઊંદર અને બિલાડાં પણ કોઈ વખતે ખવાય છે. ઘોડાને ઢોર ઘણાં છે સોનેરી ને રૂપેરી માછલીએ ચીનથી આવેછે.

Minerals તાંબુ, જસત, કોયલા પારો ને મટોડી.

Manufacture રેશમ ને ચીનાઈ વાસણનાં કારખાનાં છે. **આ**મદાની-અફીણ, સુતરાઉ ને ગરમ કાપડ. અફીણ હિંદુસ્તાનમાં થી આવેછે, ને કાપડ ઇંગ્લાંડથી આવેછે. **ર**વાનગી—ચાહ, રેશમ, શાકર ખાંડ ને રેશમી કપડું.

Towns **પે**કીન ગાદીની જગ્યા પીહો પર છે, વસ્તીમાં આ શહેર લંડનની હરીફાઈ કરેછે. **નેન**કીંગ—**યાં**ગટીસ્કીઆંગ પર અહીં કાપડ ના કારખાના છે. **ટી**ન્ટસીન **પી**હોપર પેકીનનું બંદર છે. **કે**ન્ટન—ચુકીઆંગપર અહીં ચાહનો વેપાર ઘણો ચાલેછે તથા ઘણા પરદેશી વેપારીઓ આવેછે. **એ**મૉય, **ફુ**ચુ, **ની**ંગપો, **શે**ંગાય ઈસ્ટ કોસ્ટ પર બંદરો છે. **સ્વા**ટો કેન્ટનની ઈસ્ટમાં છે, આ દેશનો પરદેશ સાથે વેપાર ઘણો ચાલેછે. **કીં**ગકીટાઓ **કો**રીઆની ગાદીની જગ્યા છે. **કી**રીનૌલા **મ**નચુરીઆની ગાદીની જગ્યા છે. **યુ**ર્ગા (ઉર્ગા) **મ**ંગોલીઆ ની ગાદીની જગ્યા છે ને તે શામો રણમાં છે. **લાસા** ટીબેટની ગાદી ની જગ્યા લામાનું રેહેઠાણ રેશમ, ઉન બકરાના વાળ ને કાશ્મારી કપડાનો આસપાસના પ્રદેશ સાથે ઘણો વેપાર ચાલેછે. **યારકંડ** ને કાશગર ઈસ્ટર્ન તુર્કસ્તાનમાં વેપારનાં મુખ્ય ઠેકાણા છે.

ASIATIC RUSSIA

એશિઆના ઉત્તર ભાગને એશિઆટીક રશીઆ કહેછે કારણ કે તે

રશિઆના શહેનશાહ ઝારને તાબે છે
Division સૅબિ.રિઆ, કાકેસીઅન પ્રાવીનસેસ ને રશિઅન તુર્કસ્તાન.
Area 6 મિલીઅન્સ ચોરસ માઈલ્સ છે.
Population વસ્તી 16 મિલીઅન્સ છે.

SIBERIA.

Boundaries N. આરટીક ઓશન, W. રશિઆ ને કેસ્પીઅન સી, S. તુર્કસ્તાન ને ચાઈનીઝ એમ્પાયર, E. પેસીફીક ઓશન.
Area 5 મીલીઅન્સ ચોરસ માઈલ્સ છે.
People 5 મીલીઅન્સ છે. વસ્તીનો અર્ધભાગ યુરોપીઅન્સ છે. મૂળ વતનીઓ જંગલી છે.
Capes ઈસ્ટ કેપ ને સેવેરો.
Islands સગેલીઅન ને અલ્યુશન આયલન્ડસ છે.
Rivers ઈરટીશ ઓબી, યેનીસી ને લેના આરટીકઓશનમાં પડેછે.
Surface સૅબિ.રિઆ, એક વિશાળ મેદાન છે. પર્વતો સ્ટાનોવાય, યાબલોનાઈ, આલટાઈ ને સાયનસ્ક.
Lakes બૅાલકશ, બૅકલ, ને સી ઑવઍરલ.
Climate આ દેશ શીતળ કટીબંધમાં છે, હવા ઘણીજ ઠંડી છે ને વરસમાં ઘણા મહીના જમીન પર બરફ પડયો રહેછે.
Productions જમીન પર બરફ પડયો રહેછે તેથી અનાજ પાકતું નથી ગરમ ભાગમાં રાઈ ને જવ ઉગેછે.
Animals કુતરાં, વરૂ, રીંછ ને રેનડીઅર. રેનડીઅર વગર પૈડાંની ગાડી બરફ પર ખેંચેછે.
Commerce આમદાની ચાહની ઈટો ને રેશમ ચીનથી આવેછે,

સ્વાનગી ધાતુ ને રૂઆં:

Minerals જુની દુનિઆમાં એશિઆ સૌથી શાહુકાર દેશ છે. સોનું, રૂપું ને પ્લાટીનાંની ખાણો છે. સોનું આલટાઈ ને યુરલ પર્વતમાંથી નીકળેછે. રૂપું આલટાઈમાંથી નીકળેછે.

સૈબિરિઆના બે ભાગ થએલા છે. ઈસ્ટર્ન સૈબિરિઆ ને ઉવેસ્ટર્ન સૈબિરિઆ.

Towns ટોબોલસ્ક ગાદીની જગ્યા ઈરટીશપર છે. અહીં વેપાર ઘણો ચાલેછે. ઈર્કુટસ્ક લેક બૈકલ પર છે. યાકુટસ્ક લેના પર છે દાંત ને રૂઆંનો વેપાર ઘણો ચાલેછે. પેટ્રોપાલો વીસ્કી કેમચાટકાની ગાદીની જગ્યા છે. ઓકોટસ્ક આ બંદરનો અમેરિકા ને કેમચાટકા સાથે રૂઆંનો વેપાર ઘણો ચાલેછે.

THE TRANS CAUCASIAN PROVINCES.

Boundaries આ દેશ કેસ્પીઅન સી ને બ્લેક સીની વચ્ચે છે, મૂખ્ય ભાગ જારજીઆ છે.

Climate ઉનાળામાં ગરમી પડેછે પણ શિઆળામાં ઘણીજ ઠંડી પડેછે. જારજીઆની બાયડીઓ ઘણીજ ખુબસુરત હોય છે.

Towns ટીફલીસ કર નદી પર છે, બાકુ કેસ્પીઅન સી પર અહીં ગાસલેટ તેલ નીકળેછે.

RUSSIAN TURKESTAN.

Boundaries રશિઅન તુર્કસ્તાન કેસ્પીઅન સી ને ઈસ્ટર્ન તુર્કસ્તાનની વચ્ચે છે.

Rivers સરડેરીઆ ને અમુડેરીઆ.

Climate શિયાળામાં અતિશય ઠંડી ને ઉનાળામાં અતિશય ગરમી પડેછે.

આ દેશના માણસો તુર્ક મુસલમાન છે ને તેઓ નિર્દય, દગાબાજ ને ગુલામગીરીનો ધંધો કરનાર છે.

Towns ટાશકંડ સરડેરીઆ નદી પર છે. અહીં રેશમ ઘઉં ને કાપડનો વેપાર ચાલેછે. ખોકન ને બીજાં નાના શેહેરો છે. સમરકંદ ઉવેસ્ટમાં બાબર બાદશાહની ગાદીની જગ્યા હતું.

CENTRAL TURKESTAN.

સેંટ્રલ તુર્કસ્તાનને પામીર પ્લાટાએ ઈસ્ટર્ન તુર્કસ્તાનથી જુદો પાડ્યા છે.

Towns બોખારા—ગાદીની જગ્યા, અગાઉ મદ્રેસા સારૂ પ્રખ્યાત હતું, હાલ ઘણો વેપાર ચાલેછે.

JAPAN.

યઝો, કીસ્યુ, શીકાકુ ને નીપૉન બેટ મળીને આ દેશ થએલો છે.

Boundaries W. સી ઓફ જપાન. N. E. & S. પેસીફીક ઓશન છે.

Area 150,000 ચોરસ માઈલ્સ છે.

People વસ્તી 36 મીલીઅન્સ છે. જપાનીઝ મંગોલીઅન કુટુંબના છે.

Islands ક્યુરાઈલ ને લુચુ આયલન્ડસ.

Manufactures રેશમ, કપાસ ને માટીનાં કારખાનાં છે.

Productions ચોખા, ઘઉં, જવ, તમાકુ, કપાસ, ગરી ને ચાહ, ચાહના ઝાડની વાળો કરેછે.

Commerce આમદાની—સુતરાઉ ને ગરમ કાપડ. રવાનગી—ચાહ, રેશમ ચોખા.

Minerals જપાનમાં ધાતુ ઘણી નીકળેછે, તાંબાના પતરાં રવાના

કરવામાં આવેછે, કોયલા બધે ઠેકાણે નીકળેછે.

Towns યેડો (ટોકીઓ) ગાદીની જગ્યા નીપૉનના કીનારા પર છે ને તે કલકત્તા કરતાં મોટું છે. મીઆકો (કીઓટો) મીકાડોની ગાદીની જગ્યા હતું, અહીં કારખાનાં છે. નેગાસાકી આ બંદરમાંજ પેહેલાં ફકત પરદેશીઓને આવવા દેતા હતા.

British Colonies–બ્રિટીશ સંસ્થાનો.

બ્રિટીશ ઇંડિઆ, બરમા, સીલોન, સાઈપ્રસ, પેરીમ, એડન, સ્ટ્રેટસેટલમેંટસ, લાબાન, હાંગકાંગ, લકદીવ, માલદીવ, આન્દામાન, ને નીકોબાર.

French Colonies– ફ્રેંચનાં સંસ્થાનો.

પોંડીચેરી ને કેરીકલ–કર્ણાટકમાં છે. મહી મલબાર કિનારા પર છે. યનન ગોદાવરી પાસે છે. ચંદ્રનગર હુગલી નદી પર છે. ફ્રેંચ કોચીન, ચાઈના–ઇંડો ચાઈનામાં છે.

Portuguese Colonies–પોર્ટુગીઝનાં સંસ્થાનો.

ડચુ (દીવ) કાઠિઆવાડની S માં છે, ડમન (દમણ) મુંબઈની N. માં છે, ગોઆ, ઉવેસ્ટ કોસ્ટ પર છે. પેડ્રમ અથવા ન્યુ ગોઆ ઉવેસ્ટ કોસ્ટ પર છે, મકાઓ ચાઈનાની S.માં છે.

Chief Sea Ports of Asia–એશિઆના મુખ્ય બંદરો*

બ્લેક સી–ટ્રેબીઝાંડ. સીનોપ–મેડીટરેનીઅન–સ્મરના, ટ્રીપોલી, બેરાઉટ, એકર, જાફા. રેડ સી–યેમ્બો, જીડા, હોદેદા, મોકા, ગલ્ફ ઓફ એડન–એડેન. અરેબિઅન સી–મસ્કત, સીલોન,

* મોટી નદી કે દરિયાને કાંઠે વેપારના મથકનું જે ગામ કે શેહેર ને તેના બારામાં વહાણ આવજાવ કરતાં હોય તો તેને બંદર (પોર્ટ) સી પોર્ટ કહેછે.

કોલંબો, ગાલી, ટીન્કોમાલી. સ્ટ્રેટ ઑફ મલાકા–પીનાંગ, મલાકા, સીંગાપોર, ચાઈના સી–બેંકાક, સેગન, હ્યું, મેકાઓ, હોંગકોંગ, કેન્ટન, એમાય. ફુચુ, નીંગપો, શેંગાઈ, નેનકીંગ. યલો સી–ચેફુ, ટીન્ટસીન, જપાન, નેગાસાકી, યોકોહામા, ઈસ્ટર્ન સૈબિરિઆ, પેટ્રોપાલોવીસ્કી.

Miscellaneous Facts.

સૌથી મોટું શહેર પેકીન: સૌથી મોટો દેશ ચાઈનીઝ એમ્પાયર. સૌથી મોટું સરોવર કેસ્પીઅન સી. સૌથી મોટી નદી યાંગટીઆંગ. સૌથી ઊંચો પર્વત હિમાલય. સૌથી મોટો બેટ જપાન સૌથી મોટો દ્વિપકલ્પ અરેબિઆ (ઇંડિઆ). સૌથી મોટો મહાસાગર. પેસીફીક.

"FINIS"

ન્યુમરેશન્ ટેબ્લ્.

NUMERATION TABLE.

યૂનિટ્સ એક — ટેન્સ દશ
હન્ડ્રેડસ સો — થાઉઝંડ્સ હજાર
ટેન્સ ઑફ થાઉઝંડ્સ દશહજાર — હન્ડ્રેડ્સ ઑફ થાઉઝડસ લાખ
મિલીઅન્સ દશ લાખ — ટેન્સ્ ઑફ મિલીઅન્સ કરોડ
હન્ડ્રેડ્સ ઑફ મિલીઅન્સ દશ કરોડ.

સ્ટર્લિંગ મની ટેબ્લ્.

STERLING MONEY TABLE.

4 ફાર્ધિન્ગ્સ = 1 પેનિ D. 12 પેન્સ્ = 1 શિલિંગ S.
20 શિલિંગ્સ્ = 1 પાઉન્ડ £. 5 શિલિંગ્સ્ = 1 ક્રાઉન્ Cr.
21 શિલિંગ્સ્ = 1 ગિની.

ઍવૉર્ડ પૉઈઝ્ ઉએટ.

16 ડ્રામ્સ્ = 1 આઉન્સ્ oz. 16 આઉન્સેસ્ = 1 પાઉન્ડ્ lb.
28 પાઉન્ડ્સ = 1 ક્વાર્ટર qr. 4 ક્વાર્ટર્સ = 1 હન્ડ્રેડ્ ઉએટ.
20 હન્ડ્રેડ્ ઉએટ્સ = 1 ટન tn. 14 પાઉન્ડ્સ = 1 સ્ટોન્ st.
112 પાઉન્ડ્સ = 1 હન્ડ્રેડ ઉએટ cwt.
2240 ,, = 1 ટન tn.

ટ્રૉય ઉએટ.

TROY WEIGHT.

24 ગ્રેન્સ્ = 1 પેનિઉએટ્ dwt.
20 પેનિઉએટ્સ = 1 આઉન્સ્ oz.
12 આઉન્સેસ = 1 પાઉન્ડ lb.

લિનીઅલ્ મેઝર.

LINEAL MEASARE.

12 ઇન્ચેસ=1 ફુટ્ ft. 3 ફીટ્=1 યાર્ડ્ yd.

5½ યાર્ડ્સ=1 પોલ્. 40 પોલ્સ્=1 ફરલૉન્ગ fur.

8 ફરલોન્ગસ્=1 માઇલ. 3 માઇલ્સ=1 લીગ્.

સ્કવેર મેઝર્.

SQUARE MEASURE.

144 સ્કવેર્ ઇન્ચેસ 1 સ્કવેર્ ફુટ. 9 સ્કવેર્ ફીટ 1 યાર્ડ.

30¼ ,, યાર્ડસ 1 ,, પોલ. 40 ,, પોલ્સ 1 રૂડ.

4 રૂડસ 1— એકર. 640 એકર્સ=1 માઇલ.

ક્યૂબિક મેઝર્.

CUBIC MEASURE.

1728 ક્યૂબિક ઇન્ચેસ 1 ક્યૂબિક ફુટ.

27 ,, ફીટ 1 ,, યાર્ડ.

ઍરિથમેટિકલ સાઇન્સ્.

ARITHMETICAL SIGNS.

+ પ્લસ; ઍડિશન (વત્તા)નું ચિન્હ.

− માઇનસ; સબટ્રેક્શન (બાદબાકી)નું ચિન્હ.

× મલ્ટિપ્લિકેશન (ગુણાકાર)નું ચિન્હ.

÷ ડિવિઝન (ભાગાકાર)નું ચિન્હ.

= ઇક્વેલિટિ (બરાબરી)નું ચિન્હ.

તેમજ

કિંમત સાથે પત્રદ્વારા

શે; તેમજ જેઓની ઇચ્છા હશે

કરવામા આવશે.

	રૂ.	આ.	પા.
ુસૈન			
ીલી વાર્તા).	૦	૬	૦
ા).	૦	૧૨	૦
ા(શા ૧-૨થી શા૧-૫)	૧	૦	૦
	૧	૪	૦
	૦	૧૦	૦

ાશ કમીશન અથવા એક નકલ

રને સારૂં કમીશન આપવામા

વે.

ઠાણું.

ક લાખાણી કતા પાસેથી ઠેકાણું

મીશન દાઈરકુલ.

ાદેવાશા. ઠે૦ કાલબાદેવી રોડ.

,, ,, ,,

સંપટ.

લછ બેઠા કાપડ માર્કેટ.

ay. ઠેકાણું ઝવેરીવાડા.

ારી)ખરીદ કરવાને અશક્ત છે

ે સાબીત કરશે તેને આ ચોપડી